# પાંડિયનની જોબ પછી અલોરિયા સુપ્રિમ પોસ્ટ માટે પ્રથમ દાવેદાર

## ભાજપની સરકારના વહીવટી તંત્રમાં - જો ઝૂકતા નહીં વહ તૂટ જાતા હૈ

રાજયના નવા ચીફ સેક્ટરી પદે ડી.જે.પાંડિયનને મૂક્યા પછી હોમ ડિપાર્ટમેન્ટના એડિશનલ ચીફ સેક્ટરી એસ. કે. નંદાનું નવું હોમ વડોદરા બન્યું છે પણ તેમને દિલ્હી લઈ જવાના -યાસો ચાલી રહ્યાં છે. તેમની જેમ ગુજરાતના વહીવટી તંત્રના સિનિયર ઓફિસર હસમુખ અઢિયા હવે ભારત સરકારમાં જોડાય તેવી શક્યતાઓ પ્રબળ બની હોવાનું સચિવાલયમાં ચર્ચાઈ રહ્યું છે. એક શક્યતા એવી પણ જોવાય છે કે હાલના શહેરી વિકાસ વિભાગના એડિશનલ ચીફ સેક્ટરી કે જેમને હોમ ડિપાર્ટમેન્ટનો વધારાનો હવાલો આપવામાં આવ્યો છે તે જી.આર. અલોરિયાના દિવસો સારા આવી રહ્યાં છે. આફટર પાંડિયન, તેઓ તેમના સક્સેસર બની શકે છે. તેઓ આ સુપ્રિમ પોસ્ટ માટે પ્રથમ દાવેદાર બન્યા છે...

### ભાજપ મારી માતા સમાન છે તેવું મોદી માને છે, કોંગ્રેસ ક્યારે માનશે

### રાજ્યસભામાં પાર્ટી લઘુમતિમાં હોવાથી મોદી રાજ્યોમાં મહેનત કરે છે

**ટાઈમ લાઈન**
- ગૌતમ પુરોહિત

**ચીફ સેક્ટેરી- સત્તે પે સત્તા ...**

ગુજરાતના વહીવટી વડા એવા ચીફ સેક્ટરી પદ ઉપર ડી. જે. પાંડિયન નિયુક્ત થયા છે પરંતુ તેમનો કાર્યકાળ માત્ર સાત મહિના માટે છે. પાંડિયન



મે-૨૦૧૫માં નિવૃત્ત થવાના છે એટલે ફરીવાર ડો. એસ. કે. નંદાનું નામ ચર્ચાશે કારણ કે તેઓ ફેબ્રુઆરી-૨૦૧૬ માં વય નિવૃત્ત થાય છે. ગુજરાતના અગાઉના ૨૫ ચીફ સેક્ટેરી જોઈએ તો સૌથી વધુ સાત વર્ષ સુધી વહીવટી શાસન કર્યું હોય તેવા એકમાત્ર એચ. કે. એલ. કપુર હતા જેઓ માર્ચ-૧૯૭૬ થી સપ્ટેમ્બર-૧૯૮૩ સુધી આ પદ ઉપર રહ્યા હતા. નંદા હાલ ગાંધીનગરથી દૂર વડોદરાના જીએસએફસીમાં સીએમડીના પદ ઉપર નિયુક્ત થયેલા છે. સચિવાલયમાં ચર્ચાય છે કે નંદાએ ગુજરાતના હિતમાં ઘણું સારૂં કામ કર્યું છે...

**ભાજપનો કરંટ બહુ ભારે લાગે છે ...**

વહીવટી તંત્રમાં કોઈપણ ચીફ મિનિસ્ટરે પક્કડ જમાવવી હોય તો સૌ પ્રથમ તેમણે ઓફિસરો ઉપર નિયંત્રણો લાદી દેવા પડે છે. ભૂતકાળમાં ચીમનભાઈ પટેલનો પાવર એવો હતો કે ભલભલા ઓફિસરો તેમનાથી ડર અનુભવતા હતા. જો કે નરેન્દ્ર મોદીના બાર વર્ષના શાસનમાં આ જ સનદી ઓફિસરોને સ્વતંત્રતાની સાથે પનિશમેન્ટ પણ મળ્યું છે. એક સિનિયર સનદી ઓફિસરે કહ્યું હતું કે ભાજપનો કરંટ બહુ ભારે હોય છે. ઘણાં ઓફિસરોને પરચો મળી ચૂક્યો છે. સચિવાલયમાં એવું સૂત્ર છે કે જો ઝૂકતા નહીં વો તૂટ જાતા હૈ...

● અનુસંધાન પાન-૭ પર



વીટામીન-સીનો ઢગ - શીયાળાના આગમનને પગલે બજારમાં આજકાલ લીંબુના ઢગ ખડકાયા છે... શરીર વિજ્ઞાન આપણને શીખવે છે કે, શરીરમાં જરૂરી વીટામીન-સી લીંબુમાંથી મહત્તમ પ્રાપ્ત થાય છે... સ્વાસ્થ્ય માટે લીંબુ ખૂબ જ ગુણકારી છે... આપણી રોજીંદી થાળીમાં લીંબુની હાજરી આપણને સંતોષ આપે છે... માંદગીમાં લીંબુનું શરબત તો મહેમાનોની આગતા-સ્વાગતામાં લેમન-જ્યુસ આપણા સમાજ જીવનનું અંગ બન્યું છે... ગાંધીનગરના શાકમાર્કેટમાં આજકાલ લીંબુના ઢગ નિહાળતા નગરનું સ્વાસ્થ્ય જીવન વધુને વધુ તંદુરસ્ત રહે એવી અભિલાષા અસ્થાને નથી.... લીંબુ આરોગ્યપ્રદ સાથે સાથે ગુણકારી પણ છે... લીંબુનો મહત્તમ ઉપયોગ રોજીંદા જીવનમાં પણ ગૃહિણીઓ કરતી હોય છે... દાળ-શાકમાં લીંબુનો રસ ભોજનને ચટાકેદાર બનાવે છે એટલે ગૃહિણીઓ તો લીંબુના ઢગ જોઈને તો હરખાઈ ઉઠે છે.... (તસવીર : કશ્યપ નિમાવત)

# એકાંતરે રજાઓના પગલે સરકારી કચેરીઓમાં હજુ રજાઓનો માહોલ

ગાંધીનગર, તા. ૨

દિવાળીના દિવસોમાં સળંગ રજાઓનું સરસ સેટીંગ થયા બાદ હજુ સરકારી કચેરીઓમાં રજાઓનો માહોલ જોવા મળી રહ્યો છે તેનું કારણ છે છેક ૧૦ મી નવેમ્બર સુધી એકાંતરે દિવસે આવતી રજાઓ ઘણા કર્મચારીઓ હજુ રજા પર હોઈ સરકારી કચેરીઓમાં ૧૦મી પછી જ કામકાજનો મુડ જામશે.

આ વર્ષે દિવાળીના દિવસોમાં રજાઓનું ખુબ સરસ સેટીંગ થયું હતું.સરકારી કર્મચારીઓને તો રીતસર જલ્સા જ પડી ગયા છે. સરકારી કર્મચારીઓ બે-ચાર સીએલનો ઉપયોગ કરે તો સળંગ અઠવાડીયા-દસ દિવસ સુધી રજાઓનો લાભ મળે તેવી ગોઠવણ થઈ છે. ૩૧મી ઓક્ટોબરથી છેક ૧૦મી નવેમ્બર સુધી એકાંતરે દિવસે જાહેર રજા આવતી હોઈ ત્રણ દિવસની સીએલ મુકો તો સળંગ રજાઓનો લાભ મળી શકે છે. ૩૧મીએ સરદાર પટેલ જયંતિની રજા હતી તે પછી ૧લી નવેમ્બરે ઓફિસ ચાલુ હતી. આજે ૨જીએ રવિવારની રજા બાદ સોમવારે ઓફિસ ચાલુ છે. તે પછી મંગળવારે મહોરમની રજા અને બુધવારે ૫મી તારીખે ઓફિસો ચાલુ છે. ૬ નવેમ્બરે દેવ દિવાળીની રજા છે અને ૭મીને શુક્રવારે ઓફિસો ચાલુ છે. ૮મીએ બીજો શનિવાર અને ૯મીએ ફરી રવિવારની રજા છે. આમ જો ત્રણ સીએલ મુકો તો છેક ૧૦મી નવેમ્બર ઓફિસ આવી શકાય. દિવાળીના દિવસોમાં રજા પર ન ગયેલા ઘણા કર્મચારીઓએ આ અઠવાડીયાની રજાઓનો લાભ લેવા સીએલ મુકી દીધી છે અને મીની વેકેશન પર ફરવા ઉપડી ગયા છે. શાળાઓમાં પણ હજુ રજા હોઈ સરકારી કર્મચારીઓ આ રજાઓનો પુરેપુરો ઉપયોગ કરી રહ્યા છે.

# ગાંધીનગરમાં ગુલાબી ઠંડી જામે છે

## વહેલી સવારે અને મોડી રાત્રે અનુભવાતી ગુલાબી ઠંડી : દિવસ ટુંકો અને રાત લાંબી થતી જાય છે : મોર્નિંગ વોકર્સની સંખ્યા વધી, રાત્રે શહેર સુમસામ બને છે

ગાંધીનગર, તા. ૨

ચોમાસા બાદ મોડે મોડે શિયાળાની શરૂઆત થઈ રહી હોવાનું હવે અનુભવાઈ રહ્યું છે. વહેલી સવારે અને મોડી સાંજે ગુલાબી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. પંખાની ગતિ સાવ ઘટી ગઈ છે. હવે થોડાક જ દિવસોમાં ગરમ વસ્ત્રોમાં લપેટાઈને ફરવુ પડે તેવી સ્થિતિ સર્જાવવાની પુરી શક્યતા છે.

નવેમ્બર મહિનો શરૂ થતા જ ઠંડીનો પ્રારંભ થયો હોય તેવું લાગી રહ્યું છે. વહેલી સવારે અને રાત્રે ગુલાબી ઠંડીનો અનુભવ થાય છે. ખાસ કરીને દ્વિચક્રી વાહન પર નીકળો ત્યારે પાતળુ ગરમ વસ્ત્ર પહેરવાની જરૂરીયાત ઉભી થાય છે. દિવસે હજુ પંખાની જરૂરીયાત ઉભી થાય છે પરંતુ રાત્રે તો પંખો પણ સાવ ધીમો કરી દેવો પડે છે. નિલોફર વાવાઝોડાના પગલે સર્જાયેલુ વાદળછાયુ વાતાવરણ છેલ્લા એકાદ-બે દિવસથી સ્વચ્છ બન્યુ છે. તે પછી ઠંડીમાં ધીમો ધીમો વધારો જોવા મળી રહ્યો છે. હવે થોડાક દિવસોમાં ગરમ વસ્ત્રોમાં લપેટાઈને ફરવાની ફરજ પડી શકે છે, તેવુ હાલમાં લાગી રહ્યું છે. વળી શિયાળો હવે નજીક છે તેની એક નિશાની એ પણ છે કે હવે દિવસ ટુંકો થતો જાય છે અને રાત લાંબી. સવારે છ વાગે હવે અંધારૂ લાગે છે અને સાંજે સાડા છ વાગ્યા સુધીમાં તો દિવસ સંપૂર્ણપણે રાતમાં ફેરવાઈ જાય છે. મોર્નીંગ વોકર્સ અને જોગર્સની સંખ્યા વધી રહી છે. તો રાત્રે ફરવા નીકળનારાઓની સંખ્યા સાવ ઘટી જાય છે. રાત્રે સેક્ટરો સુના ભાસે છે. આગામી દિવસોમાં ઠંડીની તિવ્રતા વધુ જામે તેવું લાગી રહ્યું છે. હાલમાં તો વસાહતીઓ ગુલાબી ઠંડીની મજા માણી રહ્યા છે.



**ઓનલાઈન ટેન્ડરની જાહેર નિવિદા**
**ગાંધીનગર જિલ્લા પંચાયત, મા. અને મ. વિભાગ**
**જાહેર નિવિદા નં. ૬ /૨૦૧૪-૧૫**

કાર્યપાલક ઈજનેરશ્રી, મા. મ. વિભાગ, જિલ્લા પંચાયત, ગાંધીનગર - ૩૮૨૦૧૭ (ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૯૬૮) ની કચેરી દ્વારા નીચે જણાવેલ કામો માટે ઓનલાઈન ટેન્ડરથી ગુજરાત રાજ્ય બાંધકામ ખાતાના કામની સામે જણાવેલ રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારદારશ્રીઓ પાસેથી ટેન્ડર માંગવામાં આવે છે. ઈ-ટેન્ડરની વિગતો અત્રેની કચેરીએથી તથા http://rnb.nprocure.com તથા www.nprocure.com વેબસાઈટ પરથી જોવા મળશે.

| | | |
|---|---|---|
| ઓનલાઈન અપલોડ કરવાની અને ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ | કામ નં. ૧ તથા ૨<br>કામ નં. ૩ તથા ૪ | તા. ૧૭.૧૧.૨૦૧૪ સમય ૧૮.૧૦ કલાક સુધી<br>તા. ૨૪.૧૧.૨૦૧૪ સમય ૧૮.૧૦ કલાક સુધી |
| ટેન્ડર ફી, બાનાની રકમ તથા અન્ય ડોક્યુમેન્ટ રજૂ કરવાની તારીખ (આર.પી.એ.ડી.) | કામ નં.૧ તથા ૨<br>કામ નં. ૩ તથા ૪ | તા. ૨૪.૧૧.૨૦૧૪<br>તા. ૨.૧૨.૨૦૧૪ |
| ટેન્ડર ઓપનીંગ ઓનલાઈન | કામ નં. ૧ તથા ૨<br>કામ નં. ૩ તથા ૪ | તા. ૧૮.૧૧.૨૦૧૪ સમય ૧૨.૩૦ કલાક<br>તા. ૨૫.૧૧.૨૦૧૪ સમ. ૧૨.૩૦ કલાક |

| ક્રમ | કામનું નામ | (૧) કામની અંદાજી રકમ રૂ. (૨) બાનાની રકમ રૂ. (૩) ટેન્ડર ફી રૂ. (૪) શ્રેણી |
|---|---|---|
| ૧. | કન્સ્ટ્ર ઓફ સીસી રોડ ઈન વેરીયસ વિલેજ ઓફ દહેગામ તાલુકા પેકેજ નં. સુવિધાપથ-ઓડબલ્યુઆર - દહેગામ-૦૧/૧૪-૧૫ | ૧. રૂ. ૮૮૪૨૯૪૧.૪૬<br>૨. રૂ. ૮૮૪૫૦.૦૦<br>૩. રૂ. ૨૪૦૦.૦૦<br>૪. રોડ કેટેગરી-III અને ઉપરના |
| ૨. | કન્સ્ટ્ર ઓફ સીસી રોડ ઈન વેરીયલ વિલેજ ઓફ ગાંધીનગર એન્ડ કલોલ તાલુકા પેકેજ નં. સુવિધાપથ-ઓડબલ્યુઆર-કલોલ-૦૨/૧૪-૧૫ | ૧. રૂ. ૪૧૫૫૨૩૩.૭૯<br>૨. રૂ. ૪૧૫૬૦.૦૦<br>૩. રૂ. ૧૫૦૦.૦૦<br>૪. રોડ કેટેગરી-III અને ઉપરના |
| ૩. | કન્સ્ટ્ર ઓફ સીસી રોડ ઈન વેરીયલ વિલેજ ઓફ ગાંધીનગર એન્ડ માણસા તાલુકા પેકેજ નં. સુવિધાપથ-ઓડબલ્યુઆર-માણસા-૦૩/૧૪-૧૫ | ૧. રૂ. ૨૮૯૯૫૪૯૪.૦૦<br>૨. રૂ. ૨૯૦૦૦૦.૦૦<br>૩. રૂ. ૩૬૦૦.૦૦<br>૪. રોડ કેટેગરી-III અને ઉપરના |
| ૪. | કન્સ્ટ્ર ઓફ સીસી રોડ ઈન વેરીયલ વિલેજ ઓફ ગાંધીનગર એન્ડ માણસા તાલુકા પેકેજ નં. સુવિધાપથ-એસસીએસપી-૦૪/૧૪-૧૫ | ૧. રૂ. ૧૬૨૫૫૬૯૧.૪૯<br>૨. રૂ. ૧૬૨૬૦૦.૦૦<br>૩. રૂ. ૩૬૦૦.૦૦<br>૪. રોડ કેટેગરી-III અને ઉપરના |

શરતો :

૧. ઈજારદો ફીક્સફોમ પેવર / સ્લીપફોમ પેવર તથા આર.એમ.સી. પ્લાન્ટ ૫ થી ૧૦ ક્યુ.સી. / કલાકની કેપેસીટી ધરાવતા પોતાનું અથવા લીઝથી અથવા ભાડા કરારથી મેળવેલ પ્રમાણપત્ર ઓનલાઈન મુકવાનું રહેશે.

૨. ઈજારદારે સીંગલ સીમીલર નેચર ઓફ વર્ક તરીકે (અ) ૪૦% ટેન્ડરની રકમના બી.ટી. / સી.સી. રોડની કામગીરી કરેલ હોઈ જેમાં ઓછામાં ઓછું ૪૦% ના ૩૦% એટલે કે ૧૨% (કોન્ટ્રાક્ટ વેલ્યુના) રકમની સી.સી. રોડની કામગીરી કરેલ હોવી જોઈએ. અથવા (બ) ઈજારદારશ્રીએ ૪૦% (કોન્ટ્રાક્ટ વેલ્યુના બી.ટી. રોડની કામગીરી કરેલ હોઈ તથા ૧૨% (કોન્ટ્રાક્ટ વેલ્યુના) રકમની અન્ય કામમાં સી.સી. રોડની કામગીરી કરેલ હોવી જોઈએ. તેમ મુજબ ૩-એ પ્રમાણપત્ર (સી.સી. રોડના ઉલ્લેખ સહિત) ઈજારદારશ્રીએ ઓનલાઈન મુકવાનું રહેશે.

ઉપર મુજબની તમામ વિગતો ઓનલાઈન મૂકેલી ન હોય તો ટેન્ડર ખોલવામાં આવશે નહીં.

**માહિતી/૧૫૪૮/૨૦૧૪-૧૫**



આનંદના ગરબાનો મહોત્સવ - ગાંધીનગર સેક્ટર-૨૭ ખાતે સખી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદના ગરબાની સતત ૧૨ કલાકની ધૂન રખાઈ હતી. રાજ્યના ૪૫થી સ્થળોએથી આનંદના ગરબા મંડળો જોડાયા હતા. સવારે ૬ થી સાંજના ૬ સુધી સતત માતાજીના ગુણાનુવાદનો મહિમાગાન થયો હતો.

# આજે ગાંધીનગરમાં ભાવપૂર્વક તુલસી વિવાહ યોજાશે

## તુલસી વિવાહથી નગરમાં લગ્નોના શુભ મુહૂર્તોનો પ્રારંભ થશે : ચાતુર્માસ કરનારા શ્રદ્ધાળુઓના ઉપવાસ સંપન્ન થશે

ગાંધીનગર, તા. ૨

સમગ્ર ગાંધીનગરમાં સોમવારે તુલસી વિવાહનો પવિત્ર ધાર્મિક તહેવાર ધામધૂમથી ઉજવાશે. આ પ્રસંગે નગરના વિવિધ મંદિરોમાં વિશેષ આયોજનો હાથ ધરવામાં આવ્યા છે. નગરના ભાવિક ભક્તો તુલસી વિવાહની પૂરજોશ તૈયારીઓમાં લાગી ગયા છે.

કારતક સુદ એકાદશીનો દિવસ ખૂબ જ પવિત્ર અને ધાર્મિક માહાત્મ ધરાવતો દિવસ ગણાય છે. આ દિવસે ઠેર ઠેર ભગવાન વિષ્ણુના તુલસીજી સાથે વિવાહનું આયોજન હાથ ધરવામાં આવે છે. આ ઉપરાંત આ દિવસે ચાર્તુમાસ ઉપવાસ સંપન્ન થાય છે. આ ઉપરાંત આ દિવસથી લગ્ન જેવા માંગલિક કાર્યો માટેના શુભ મુહૂર્તનો પ્રારંભ થાય છે. ચોમાસાના ચાર મહિનાના ઉપવાસ જેને ચાર્તુમાસ પણ કહેવામાં આવે છે તેને કારતક સુદી એકાદશીના દિવસે પૂર્ણ થયેલા માનવામાં આવે છે અને આ પવિત્ર દિવસે ઉપવાસીઓ તેમના ઉપવાસ પૂર્ણ કરે છે. વળી, શ્રાદ્ધ પક્ષથી જે માંગલિક કાર્યો જેવા કે લગ્ન વગેરેના મુહૂર્ત હોતા નથી તે શુભ મુહૂર્તનો તુલસી વિવાહ દ્વારા પ્રારંભ થાય છે. તુલસી વિવાહ સંપન્ન થયા બાદ લોકો પોતાના ઘરના માંગલિક પ્રસંગો માટેના મુહૂર્ત જોવડાવે છે અને તે માટેના આયોજનો હાથ ધરે છે.

ગાંધીનગરમાં પણ અનેક મંદિરોમાં તુલસી વિવાહનું આયોજન કરવામાં આવે છે. અને આ દિવસે નગરજનો આ ધાર્મિક ઉત્સવમાં ભક્તિભાવ પૂર્વક જોડાઈ જાય છે. વિવિધ સ્થળે આયોજિત કરાતા તુલસી વિવાહમાં દાનવીર નગરજનો વિષ્ણુભગવાન અને તુલસીજીના માતા-પિતા કે મામા-મામી બને છે અને હિન્દુ ધાર્મિક શાસ્ત્રોક્તિ વિધિ પ્રમાણેની ફરજો અદા કરે છે. આ તુલસી વિવાહમાં શાસ્ત્રોક્ત વિધિ મુજબ ચાંલ્લા વિધિ, લગ્ન પડીકુ, ગણેશ સ્થાપન, પીઠી, મામેરૂ, પહેરામણી, પધરામણી, હસ્તમેળાપ, ફેરા અને કન્યા વિદાય જેવા પ્રસંગો ઉજવાય છે. ઘણી જગ્યાએ તો જાન અને શોભાયાત્રા પણ કાઢવામાં આવે છે. આ પ્રસંગોના કારણે નગરમાં જાણે લગ્નસરાની સીઝન હોય તેવો માહોલ સર્જાય છે અને ભાવિક ધર્મપ્રેમીઓ આ તુલસી વિવાહમાં ઘરનો લગ્નપ્રસંગ હોય તેમ બની ઠનીને ઉત્સાહપૂર્વક પ્રસંગોને માણે છે. દાનવીર ભક્તો માતા-પિતા કે મામા-મામી બનીને કન્યા વિદાય, પહેરામણી અને મામેરૂ ભરીને તેમની ફરજ નિભાવ્યાની ધન્યતા અનુભવે છે. ગાંધીનગરમાં નગરજનો તુલસી વિવાહના રંગે રંગાઈ જશે અને આ ઉત્સવને મન ભરીને માણશે.

**સ્વર્ણિમ ગુજરાત**
**સુધારો ઓન લાઈન જાહેર નિવિદા નં.-૦૯ સને ૨૦૧૪-૨૦૧૫**
**માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી નીચે દર્શાવેલ જા.નિ. નં.૦૮ સને ૨૦૧૪-૨૦૧૫ના કામો માટે સુધારાથી (પ્રથમ)કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિભાગ નં.૪, 'બી' બ્લોક, પાટનગર યોજના ભવન, સેક્ટર નં.૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬, ફોન નં. ૦૭૯-૨૩૨-૫૯૧૯૮ દ્વારા ઓનલાઈન 'બી-૨' ટેન્ડરથી ભાવો માંગવામાં આવે છે.

ઈ-ટેન્ડરના દસ્તાવેજો અમારી વેબસાઈટ www.rnb.nprocure.com ઉપરથી અનુ. નં. ૧, ૨, ૩, ૪ના કામો તા. ૫/૧૧/૨૦૧૪થી તા. ૧૭/૧૧/૨૦૧૪ના ૧૨-૦૦ કલાક સુધી જોવા મળશે તેમજ ભરી શકાશે અને તા. ૧૭/૧૧/૨૦૧૪થી તા. ૨૪/૧૧/૨૦૧૪ના રોજ ૧૮-૦૦ કલાક સુધી ટેન્ડર ફી ડી.ડી. સ્વરૂપે તેમજ ઈ.એમ.ડી. અસલમાં ફક્ત રજી.પો.એ.ડી.થી (દિન-૭) સુધીમાં અત્રેની કચેરીમાં મળી જાય તે મોકલી આપવાના રહેશે. તા. ૧૭/૧૧/૨૦૧૪ના રોજ ૧૫-૦૦ કલાકે ટેન્ડર અ.ઈ.શ્રીની કચેરીમાં ખોલવામાં આવશે. વધારાની માહિતી અને ઓનલાઈન ટેન્ડર ભરવા માટે અમારી ઉપર દર્શાવેલ વેબસાઈટ જોવા વિનંતી.

**નોંધ : અગાઉ મુજબ.** **માહિતી/૧૫૪૬/૨૦૧૪-૧૫**

**કાર માટે ડ્રાઈવર જોઈએ છે**
મો. ૯૮૭૯૬ ૮૧૦૧૯

**સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના**
**હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...**
અર્ક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

**મંડપ કેટરીંગ લાઈટીંગ ફ્લાવરીગ**
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

**ટચુકડી જાહેર ખબર**
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

SANGHI CEMENT, KisaN, ashirvad C. PVC, UPVC, BENELAVE BATH FITTINGS, DR.FIXIT, TATA STEEL • PIPES • SHEETS, VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com